# ધોરણ-૫ જવાબપત્ર

પ્રશ્ન-૨-

1) અરિહંતના મુખમાંથી જન્મેલ, ગણધરોએ રચેલ, આશ્ચર્યકારી, ઘણા અર્થથી યુક્ત બુદ્ધિમાન એવા સમુદાયના આચાર્યોએ ધારણ કરેલ, મોક્ષના મુખ્ય દ્વાર સમાન, વ્રત અને ચારિત્રના ફળ રૂપ, પદાર્થોને જાણવામાં દીપક (સમાન સમાન, સર્વ લોકને વિષે એક સારભૂત એવા વિશાળ દ્વાદશાંગી રૂપ સમસ્ત સિદ્ધાંતને હું અંગીકાર કરું છું.

2) રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, ચક્રેશ્વરી, નરદત્તા, કાલી, અને મહાકાલી મારું સદા માટે રક્ષણ કરો.

3) સમ્યગ્દ્રષ્ટિ દેવોના સમૂહ સહિત મુનિઓમાં પ્રધાન એવા શ્રુતકેવલીઓએ સ્તવેલો છે મહિમા જેનો એવા શ્રી શાંતિજિનચંદ્ર સંઘનું અને મારું પણ રક્ષણ કરો.

4) છ મુખવાળો યક્ષ, પાતાલ, કિન્નર, ગરુડ, ગંધર્વ, તેજ રીતે યક્ષેન્દ્ર વળી કુબેર, વરુણ, ભૃકુટિ, ગોમેધ, પાર્શ્વ અને માતંગ આ પ્રકારે ચોવીસ યક્ષો.

5) જે પ્રકારે જે સમ્યગ્દ્રષ્ટિ મનુષ્ય શાંતિનાથની રક્ષાને ત્રણે કાળ સ્મરણ કરે છે તે સર્વ ઉપદ્રવથી રહિત થઈને સુખસંપદાને પામે છે.

6) બાળપણમાં મેરુ શિખર ઉપર સ્નાન કરાયેલા, નિરુપમ પ્રભુનાં રૂપને જોવાથી થયેલ આશ્ચર્યનાં કારણે ઉત્પન્ન અદ્ભુતરસની ભ્રાન્તિથી ચંચલ નેત્રવાળી ઇન્દ્રાણીએ આંજેલી નિર્મળ કાંતિ વડે ઉજ્જવલ અને ક્ષીરસમુદ્રનું પાણી રહી ગયાની શંકાથી જેમનું મુખ વારંવાર લૂછ્યું છે તે શ્રી વર્ધમાન સ્વામી જય પામે છે

પ્રશ્ન-૩ (ક) સ્તુતિ

૧) આ (સૂત્ર) દર પક્ખિ, ચાતુર્માસિક - સાંવત્સરિક પ્રતિક્રમણમાં બોલવામાં આવે છે. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીના શિષ્ય બાલચંદ્રાચાર્યે આ સ્તુતિ બનાવી છે. સંઘે આ સ્તુતિ પહેલાં માન્ય કરી નહોતી પણ બાલચંદ્ર કાળ કરીને વ્યંતર થયા બાદ સંઘને ઉપદ્રવ કર્યો, માટે આ સ્તુતિ પ્રતિક્રમણમાં ~~લે~~ લેવામાં આવી.

(૨) હંસ પક્ષીની પાંખો વડે ઉડેલી કમળની રજ વડે પીળા થયેલ ક્ષીરસમુદ્રના પાણી વડે ભરેલા અપ્સરાઓનાં સ્તનના સાથે સ્પર્ધા કરતા સુવર્ણના કળશો વડે સર્વ પ્રકારના સમગ્ર સુર અને અસુરના ઇન્દ્રના સમુદાય વડે, મેરુ શિખર ઉપર જે તીર્થંકરોનો જન્માભિષેક કરેલો છે તેઓના ચરણોને હું નમેલો છું

૩) આ સૂત્ર પાક્ષિક, ચોમાસી અને સાંવત્સરિક પ્રતિક્રમણ પછી બોલવામાં આવે છે. શ્રી મુનિસુંદરસૂરિએ મેવાડમાં થયેલ મરકીનાં ઉપદ્રવને શાન્ત કરવા ~~શ્રી~~ શાન્તિનાથ જિનનું સ્તોત્ર રચ્યું છે. તે પક્ખ, ચાતુર્માસ, અને વર્ષને વિષે ઉપદ્રવ થાય નહિ માટે બોલવામાં આવે છે.

પ્રશ્ન-૪ અર્થ

૧) ઉવદ્દવરહિઓ - ઉપદ્રવ રહિત - ~~સર્વ ઉપદ્રવ~~ સર્વ ઉપદ્રવરહિત
મજ્જવિ - મારી પણ
સૂરગણસહિઓ - દેવ સમુદાયે સહીત.

પ્રશ્ન-૫

૧) શાંતિ કરનાર છે, જગતનાં જીવોને શરણરૂપ છે, જય અને લક્ષ્મીને આપનાર છે - શાંતિનાથ ભગવાનનાં વિશેષણો છે.

પ્રશ્ન-૬

૧) પૌષધ પારવાની વિધિ - પાના નં. ૧૫૧
૨) સાગર ચંદોનું બીજુ નામ પૌષધ પારવાનું સૂત્ર છે. જે પૌષધ પારતી વખતે બોલવામાં આવે છે.
~~૩)~~
~~૪)~~

૧ આઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે
૨ આઘાડે આસન્ને પાસવણે અણહિયાસે
૩ આઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અણહિયાસે
૪ આઘાડે મજ્ઝે પાસવણે અણહિયાસે
૫ આઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે
૬ આઘાડે દૂરે પાસવણે અણહિયાસે.

બીજા છ ઉપાશ્રયના બારણાની તરફનાં માંડલાં ઉપર પ્રમાણે ૪ કહેવાં. પણ અણહિયાસે ને બદલે અહિયાસે કહેવું.

(૭)
- મુહપત્તિ કે કટાસણું જોઈ નાંખે
- મુહપત્તિને ચરવળાની આડ પડે
- નવકારવાળી ગણતાં પડી જાય તો
- સ્થાપનાજી પડી જાય તો
- મોઢામાંથી એંઠું નીકળે તો
- બેઠા બેઠા પડિક્કમણું કરે તો
- બેઠા બેઠા ખમાસમણ દે તો
- ઉઘાડે મુખે બોલે તો
- મોંઢે મોટે બોલે તો
- દિવસે નિદ્રા લે તો.